# 11

# હક અને ફરજ (સિક્કાની બંને બાજુ)




11.1 શાળારેલી

### ભુલાય ના......

(રાગ : આપણું આપણું આપણું આ ગુજરાત છે.)

આપણી આપણી ફરજો ભુલાય ના,
સૌને હક ને સૌને ફરજ એ કદી ભુલાય ના.
હક એટલે અધિકાર, ફરજ એટલે જવાબદારી.
હક લેવાનું ભુલાય ના ને ફરજ પણ ચુકાય ના.
આપણી........

કોઈનો હક લેવો નહીં ને એવો ગુનો થાય ના,
આપણી સૌની ફરજ છે કે ફરજ પણ ચુકાય ના.
પ્રતીકોનો આદર કરાય ને જીવ-જંતુનું જતન કરાય,
બધા ધર્મોને સમાન માનીને સૌને સરખું માન અપાય.
આપણી........

મતદાન કરવાની ફરજ આપણી તેમાં આળસ ના કરાય,
વેરા કાયમ ભરી દેવા ને નિયમોનું પાલન થાય.
ફરજની વાત કરાય ને, પછી હકને માટે રાડ પડાય.
આપણી.........

## ગીત આધારે ચર્ચા કરવી :

- વિવિધ હક ન હોય, તો શું થાય ?
- તમારે માત્ર ફરજ જ બજાવવાની હોય તો ?
- આપણને હક કેમ આપવામાં આવ્યા હશે ?

## રાજુનું શું થશે ?

રાજુ એનું નામ. તે બાદરપુરમાં રહે. બાજુના ગામમાં મેળો હતો. રાજુ તો મિત્રો સાથે મેળામાં ગયો. અહીં ચગડોળ ફરતો હતો. ચગડોળમાં બેસવાનો ભાવ પાંચ રૂપિયા હતો. જે પાંચ રૂપિયા આપે તેને ચગડોળમાં બેસવા મળતું. રાજુએ પાંચ રૂપિયા આપ્યા. ચગડોળવાળાએ રાજુ પાસેથી પાંચ રૂપિયા ન લીધા. ચગડોળવાળાએ રાજુને પાંચ રૂપિયા પરત કર્યા. રાજુ કહે : ''અરે ભાઈ ! અમે પૈસા આપીએ, તો કેમ ન બેસાડો ?''



11.2 મેળાનું દૃશ્ય

ચગડોળવાળો કહે : ''તમે પાંચ રૂપિયા આપો, એટલે ચગડોળમાં બેસવાનો તમારો હક ખરો. પણ...'' આટલું બોલી તે અટકી ગયો. રાજુ કહે : ''પણ, પણ શું ?'' ચગડોળવાળો કહે ''આ નાનાં છોકરાંને બેસવાનું ચગડોળ છે. તમારા જેવાં મોટાં છોકરાં આ ચગડોળમાં બેસે નહિ, એ જોવાની મારી જવાબદારી છે. મારી ફરજ છે. હું મારી ફરજ નહીં છોડું.'' રાજુ અને તેના મિત્રો પરત ફરી ગયા.

### વિચારો અને કહો

- ચગડોળવાળાએ રાજુને કેમ ન બેસાડ્યો ?
- ચગડોળવાળાની શું ફરજ હતી ?
- ચગડોળમાં બેસવાનો અધિકાર કોને મળી શકે તેમ હતો ?
- રાજુએ ચગડોળમાં બેસવા શું કરવું પડે ?

## સમાચાર શોધી ટૂંકમાં લખો :-

હક અને ફરજ સંબંધના સમાચાર શોધો અને તેના વિશે અહીં લખો. તા :- -

જુઓ... વાંચો... અને વિચારો...




**11.3 આપણા મૂળભૂત હકો**

મેઘરજનગરમાં મહેન્દ્રભાઈ અને અબ્દુલભાઈ સાથે રહે છે. બંને પોતાનાં ધર્મસ્થળોની નિયમિત મુલાકાત લેવા જાય છે. ક્યારેક તેઓ એકબીજાના ધાર્મિક તહેવારમાં પણ ભાગ લે છે. વાતચીત કરે છે. દરેકને પોતાના ધર્મના તહેવારો ઊજવવાનો અધિકાર છે.

**આટલું જાણો.**

**આપણા દેશમાં દરેકને પોતાને યોગ્ય લાગે તે ધર્મમાં માનવાનો અધિકાર છે.**



**11.4 (પત્રકાર)**

એક શહેરમાં લોકોએ રેલી કાઢી. આ માંગણી કરનાર લોકોના નેતાઓએ ભાષણો કર્યાં. આ સમાચાર છાપામાં છપાયા. આ સમાચાર સરકારની સામેની માંગણી માટે હતા. પોતાની માગણી માટે સરકાર સામે પણ યોગ્ય રીતે માગણી થઈ શકે છે.

**વાણીસ્વાતંત્ર્યનો અધિકાર**




**11.5 (માગણી કરતા નેતાજી)**



11.6 સમાન વેતન

ગુલાબપુરામાં એક કૉન્ટ્રાક્ટર મજૂરીનાં નાણાં આપવામાં ભેદભાવ રાખતો હતો. મહિલાઓને ઓછી મજૂરી આપતો હતો. કોઈએ ફરિયાદ કરી. આ કૉન્ટ્રાક્ટરને સજા થઈ. બધાંને હવે અહીં સરખું વેતન મળે છે.

**આટલું જાણો.**

**આપણા દેશમાં જાતિ, ભાષા, ધર્મ કે લિંગને સમાન ગણવાનો અધિકાર છે.**



11.7 શિક્ષણનો અધિકાર

વેણુંના પિતાજી ડીસાના વતની હતા. તે ધંધા-રોજગાર માટે આણંદ ગયા. તેમણે અહીં ધંધો શરૂ કર્યો. વેણું દસ ધોરણ સુધી આણંદમાં રહીને ભણી. પછી વેણું અમદાવાદમાં ભણવા રોકાઈ. ત્યાર પછી વધારે ભણવા માટે તે મુંબઈ ગઈ. વેણું અત્યારે દિલ્હીમાં નોકરી કરે છે.

**આટલું જાણો.**

**આપણા દેશમાં કોઈ પણ સ્થળે પોતાની સંસ્કૃતિ અને શિક્ષણ માટેનો અધિકાર છે.**

**જુઓ અને વાંચો :**







- માહિતી મેળવવાનો આપણા દેશમાં સૌને અધિકાર અપાયો છે.
- માહિતી અધિકારથી આપણે માહિતી સરળતાથી મેળવી શકીએ છીએ.

## આપણી ફરજો :

- જમનાડોશી ગામમાં સૌથી વડીલ.
- બધાં તેમનું માન રાખે.
- જમનાબા ગમે ત્યાં જાય પાણીનો નળ બંધ કરે.
- જમનાબા પાણીનો બગાડ થતો અટકાવે.
- જમનાબા પાણી બચાવવાની ફરજ નિભાવતાં જમાદાર.



11.8 પાણીનો બગાડ અટકાવો



11.9 ફરજનું પાલન

- ડૉ. સુનિલ કોઈનું ખોટું ન ચલાવે.
- દવાખાનામાં કોઈ જોરથી વાતો કરે, તો તેને રોકે.
- દવાખાનામાં મોબાઈલથી વાત કરનારને બહાર કાઢે.
- ડૉ. સુનિલ એટલે હૉસ્પિટલના દર્દીઓના હક માટે દરેકને ફરજ યાદ કરાવતા ડૉક્ટર.

### વિચારો અને કહો

- આપણે કઈ-કઈ ફરજો નિભાવતા નથી ?
- ફરજો નિભાવવા આપણે શું કરવું જોઈએ ?
- તમે ક્યારેક કોઈનો હક લઈ લીધો છે ?
- શાળામાં તમારી ફરજો કઈ-કઈ છે ?
- આપણે કઈ-કઈ ફરજો નિભાવવી જોઈએ ?
- કોઈ તમારો હક છીનવે તો તમે શું કરો ?
- ઘરમાં આપણી કઈ-કઈ ફરજો છે ?
- તમને કઈ ફરજો નિભાવવાની મજા પડે છે ?

## તમારા અધિકારો જાણો અને લખો :

- શિક્ષણનો અધિકાર
- રક્ષણનો અધિકાર
- પોષણનો અધિકાર

- મંજુલાબાની ઉંમર નેવું વર્ષ છે.
- તેમણે બધી ચૂંટણીમાં મતદાન કર્યું છે.
- છેલ્લી ચૂંટણીમાં તે બીમાર હતા, છતાં મતદાન કર્યું.
- મતદાન કરવાથી દેશના વિકાસમાં ભાગીદાર થવાય.
- 18 વર્ષની ઉંમરથી દરેક નાગરિકને ભારતમાં મતદાનનો અધિકાર મળે છે.



11.10 મતદાન પવિત્ર ફરજ

**વિચારો**

તમારા ઘરમાંથી કોઈ મતદાન કરવા ન જાય તો ?

- ગોપાલ મજૂરી કરે છે.
- પંચાયતનો વેરો ભરવા તે ગામમાં પહેલો જાય છે.
- સરપંચ ગોપાલની આ વાતને ખૂબ આદર આપે છે.
- વેરા નિયમિત ભરવાથી વિવિધ સુવિધા પ્રાપ્ત થાય છે.
- વેરો ભરવાથી જ જાહેર સુવિધાનો હક્ક મળી શકે.



11.11 ફરજપાલન

**વિચારો**

વેરો ભરવામાં ન આવે, તો શું-શું અગવડ પડે ?

## અવલોકન કરો અને નોંધ કરો.

તારીખ : વાર :

**આપના પાઠ્યપુસ્તકમાંથી મૂળભૂત ફરજો વિશે વાંચો અને લખો :**

- 
- 
- 
- 
- 
- 
- 

- રાહુલ કૉલેજમાં ભણે છે.
- જુઓ, લાલ સિગ્નલ આગળ થોભવાનું હતું, છતાં તે વાહન હંકારી ગયો.
- તે મોટરસાઇકલ લઈને જાય છે પણ સિગ્નલ જોતો નથી.
- માર્ગ ઉપર વાહન ફેરવવાનો હક ખરો પણ ટ્રાફિકના નિયમનું પાલન કરવાની ફરજ રાહુલ ચૂકી ગયો.



**11.12 ટ્રાફિકનિયમનું પાલન**

**વિચારો**

તમે કઈ-કઈ ફરજો ચૂકી જાઓ છો ?

| | | | |
|---|---|---|---|
| 1 | | 1 | |
| 2 | | 2 | |
| 3 | | 3 | |
| 4 | | 4 | |
| 5 | | 5 | |

આપણે હક અને ફરજની વાત કરી. તમને સમજાયું હશે કે દરેક નાગરિક પોતાની ફરજ બજાવે, તો કોઈનો હક ના છીનવાય. આપણે આપણા અધિકાર જેટલું જ મહત્ત્વ આપણી ફરજને આપવું જોઈએ.

## સ્વાધ્યાય

### 1. ટૂંકમાં જવાબ આપો.

1. આપણા હકો કયા-કયા છે ?

2. આપણી ફરજો કઈ-કઈ છે ?

3. હક અને ફરજ શાથી એક સિક્કાની બે બાજુ કહેવાય છે ?

| અનુભવને આધારે નોંધ કરો. | | | | | |
|---|---|---|---|---|---|
| તારીખ : | | | | વાર : | |
| આજે તમે કયા હકનો ઉપયોગ કર્યો ? | | | | | |
| ક્રમ | હકનું નામ | કોણે હક ભોગવ્યો ? | | તમને કઈ રીતે ઉપયોગી છે ? | તમારી શું ફરજ છે ? |
| | | તમે જાતે | બીજાએ | | |
| 1 | | | | | |
| 2 | | | | | |
| 3 | | | | | |
| 4 | | | | | |
| 5 | | | | | |

4. આપણે હક ન ભોગવી શકીએ અને ફરજ ન બજાવી શકીએ તો શું થાય ?

5. કોઈ તમારો હક છીનવી લે, તો તમે કયા હકનો ઉપયોગ કરશો ?

**વિચારીને લખો :**

| ક્રમ | આવું થયું છે. | કોણે હક ગુમાવ્યો ? | કોણે ફરજ ગુમાવી ? |
|---|---|---|---|
| 1 | રામજી પોતાના સગીર વયના છોકરાને ઘરે મજૂરી કરાવે છે. | | |
| 2 | સવિતાબાને મંદિરમાં કેટલાક લોકો દર્શન કરવા દેતાં નથી. | | |
| 3 | મનિન્દરસિંહને ખાનગી શાળામાં પ્રવેશ મળતો નથી. | | |
| 4 | જૉસેફની અરજીનો ઑફિસમાં એક અધિકારી નિકાલ કરતા નથી. | | |
| 5 | પેસ્તનજીના પડોશી જોરથી ટેપ વગાડે છે. | | |
| 6 | ઇબ્રાહીમના ઘરની સામે ગંદકીના ઢગલા છે. | | |

## વિસ્તારથી લખો :

1. રામજીભાઈ પોતાના છોકરાને ભણાવતા નથી; તેમાં છોકરાએ કયો અધિકાર ગુમાવ્યો ? કેમ ?

2. જૉસેફની અરજીનો નિકાલ અધિકારી કરતા નથી, તેમાં કોણે ફરજ ના બજાવી ? હવે શું કરાય ?

3. ઇબ્રાહીમના ઘરની સામે ગંદકીના ઢગલા માટે કોણ જવાબદાર હશે ? આવું કેમ થયું હશે ?

4. નટવરલાલના દીકરાને ચાની હોટલ પર મજૂરી કરવી પડે છે ? હવે શું કરી શકાય ?